(વિના મૂલ્યે)

# અમદાવાદ મહાનગરપાલિકા (યુ.સી.ડી.ખાતુ)
# અને
# ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી - સ્પોન્સર્ડ

## ઈ ઓટો પ્રોજેક્ટ અંતર્ગત ઈ-ઓટો મેળવવા માટેનું
## અરજી ફોર્મ

અહી ફોટો લગાવવો

પ્રતિ ,
ડાયરેક્ટરશ્રી,
યુ.સી.ડી.વિભાગ,
પરીક્ષીતલાલાનગર રોડ,
બહેરામપુરા, અમદાવાદ, 380022

મહાશય શ્રી,

સવિનય જણાવવાનું કે **અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અને ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી - સ્પોન્સર્ડ** " ઈ-ઓટો પ્રોજેક્ટ " અંતર્ગત ઈ-ઓટોની ખરીદી કરી સહાય/સબસીડી મેળવવા માંગુ છુ. મારી સંપૂર્ણ વિગતો નીચે મુજબ છે.

(* કરેલ વિગત ફરજીયાત ભરવાની રહેશે.)

(૧) અરજદાર નું નામ*:- ...............................................................................................

(૨) અરજદારની જન્મ તારીખ* :- ................................... ઉમર વર્ષ* :- ...........................................

(3) અરજદારની જાતિ* :- સ્ત્રી/પુરુષ/અન્ય :-

(૪) અરજદાર જ્ઞાતિવર્ગ*:- (૧) અ.જા. (SC) (૨) અ.જ.જા.(ST) (3) બક્ષીપંચ (OBC)

(૪) સામાન્ય (General) (૫) લઘુમતી (MINORITY) (મુસ્લિમ, શીખ, જૈન, ઝોરોસ્ટ્રીઝન, ખ્રિસ્તી, બોદ્ધ, અન્ય)

(૫) અરજદાર દિવ્યાંગતા ધરાવે છે (હા કે ના)* .............. (જો હા તો સરકારશ્રી દ્વારા આપેલ માન્ય પ્રમાણપત્ર જોડવું)

(૬) અરજદારનું પત્ર વ્યવહારનું સરનામું*:-.............................................................................

.......................................................................................................................... પીનકોડ નં

(૭) અરજદારનું કાયમી સરનામું*:-.........................................................................................................

.................................................................................................................................................................

(૮) અમદાવાદ શહેરમાં કેટલા વર્ષ થી રહો છો-:...............................................................

છેલ્લા વર્ષનું વેરાબિલ તથા નાણા ભર્યા અંગેની પહોચ સામેલ છે (  ) / સામેલ નથી (  ) પુરાવા રજુ કરવા

(૯) મોબાઈલ નંબર ∗:- ...........................................અન્ય મો.નં ............................................

(૧૦) અરજદારનો વૈવાહિક દરજ્જો:- (પરિણીત/અપરિણીત/વિધવા/ત્યકતા/અન્ય)..................................

(૧૧) અરજદારની શૈક્ષણિક લાયકાત∗:-................................. (ખરી /સ્વ પ્રમાણીત નકલ બીડવી)

(૧૨) ડ્રાઈવિંગ લાઇસન્સ નં∗.:-................................ કેટેગરી:-............ (ખરી નકલ/ સ્વ પ્રમાણીત બીડવી)

(૧૩) ડ્રાઈવિંગ લાઇસન્સ ઇસ્યુ કર્યા તારીખ∗ :-....................................વેલીડીટી તા.:-....................

(૧૪) આધાર કાર્ડ / EID નંબર∗:-..................................................... (ખરી /સ્વ પ્રમાણીત નકલ બીડવી)

(૧૫) ચુંટણી ઓળખકાર્ડ નંબર (EPIC NO.) :-.................................... (ખરી/ સ્વ પ્રમાણીત નકલ બીડવી)

(૧૬) રેશન કાર્ડ નંબર:-............................................................ (ખરી/ સ્વ પ્રમાણીત નકલ બીડવી)

(૧૭) લાભાર્થીની પાત્રતા અંગે રજુ કરવા જોગ નિયત પુરાવાની વિગત

(જે તે પુરાવાની ખરી/ સ્વ પ્રમાણીત નકલ બીડવી)∗:-

| પુરાવા | SJSRY BPL કાર્ડ ધારક | BPL રાશન-કાર્ડ ધારક | PMJAY કાર્ડ ધારક | EWS આવાસ નંબર (સાઈટ અને ફ્લેટ નંબર) | ૪,00, 000 થી ઓછી આવકનો દાખલો | લાગત આપેલ પુરાવા વિગત જણાવવી |
|---|---|---|---|---|---|---|
| નંબર | | | | | | |

(૧૮) કૌટુંબિક માહિતી:-

(૧૮.૧) કુટુંબના સભ્યોની સંખ્યા:- પુરુષ: ..........સ્ત્રી: .........બાળકો: .........કુલ: ..........

(૧૮.૨) કુટુંબમાં કમાતા સભ્યોની સંખ્યા:- પુરુષ: .........સ્ત્રી: ......... કુલ: ..........

(૧૮.3) અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂા-. :-...............................................

(૧૯) હાલમાં પોતાની ઓટો ધરાવો છો?:- (હા/ના).................. જો હા, તો ઓટોનો પ્રકાર ................

(૨૦) ઈ-ઓટો મેળવવા માટેનું સ્ત્રોત:- રોકડેથી / લોનથી

(૨૧) અરજદારના બેંક ખાતાની વિગત :- બેન્કનું નામ............................શાખાનું નામ.........................

ખાતા નં............................................ (ખરી નકલ બીડવી) IFSC કોડ.................. MICR કોડ ..........

(પાસબુક, સ્ટેટમેન્ટની ખરી નકલ જોડવી)

અમદાવાદ, અરજદારની સહી

તા

# -: શરતો :-

(૧) યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર લાભાર્થીઓ SJSRY BPL કાર્ડધારક, BPL/અંત્યોદય રેશનકાર્ડ ધારક, PM-JAY કાર્ડધારક, EWS આવાસમાં રહેતા લાભાર્થી, મહિલાઓ, અનુ.જાતિ, અનુ.જનજાતિ, લઘુમતી, અસંગઠિત કામદારો, સ્ટ્રીટ વેન્ડર્સ, શેલ્ટરમાં રહેતા ઘરવિહોણા લોકો ..... અથવા વાર્ષિક રૂ. ૪,૦૦,૦૦૦/- (રૂ. ચાર લાખ) કે તેથી ઓછી કૌટુંબિક આવક ધરાવતા લાભાર્થી (મામલતદાર કે સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ અધિકારીઓ દ્વારા ઇસ્યુ કરેલ આવકનું પ્રમાણપત્ર અથવા સરકારશ્રીની પ્રવર્તમાન કોઈપણ યોજના હેઠળ લાભ મેળવવા શહેરી ગરીબ કુટુંબ તરીકે માન્યતા ધરાવતા લાભાર્થી રહેશે.

(૨) પ્રોજેક્ટ અંતર્ગત કુલ 100 મહિલા લાભાર્થીઓને ઈ-ઓટોની ખરીદી પર સબસીડી/સહાયની ફાળવણી કરવામાં આવનાર છે.

(3) ઈ-ઓટોની નિયત સંખ્યા કરતા વધુ અરજીઓ મળ્યેથી પાત્ર અરજીઓ પૈકીમાંથી ડ્રો મારફતે લાભાર્થીનો અગ્રતા ક્રમાંક નક્કી કરવામાં આવશે. જે અરજદારે માન્ય રાખવાનો રહેશે. જે અંગે કોઈ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(૪) પ્રોજેક્ટ અંતર્ગત મંજુર/બચત રહેલ કુલ ઈ-ઓટો કરતા મહિલા લાભાર્થીની વધુ અરજી આવે તે સંજોગોમાં ફક્ત પાત્ર મહિલા લાભાર્થીઓમાંથી જ ડ્રો મારફતે લાભાર્થી અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. જો મહિલા લાભાર્થીઓની અરજી ઈ-ઓટો ખરીદી પર ફાળવવાજોગ સબસીડી/સહાયની નિયત સંખ્યા કરતા ઓછી આવે તો પાત્ર તમામ મહિલા લાભાર્થીઓને ફાળવણી કર્યા બાદ બચત ઓટોનું પાત્ર અરજદારમાંથી ડ્રો મારફતે અગ્રતાક્રમ નક્કી કરી સબસીડી/સહાય આપવામાં આવશે.

(૫) ઈ-ઓટો ખરીદી માટે બેંક લોન માટે જરૂરીયાત મુજબના તમામ ડોક્યુમેન્ટ ધરાવતા હોવા જોઈએ તેમજ ઈ-ઓટો ખરીદી ઉપર અમદાવાદ મહાનગરપાલિકા ધ્વારા સબસીડી મેળવવા માટે નિયત કરવામાં આવેલ અરજીપત્રકમાં જ અરજી કરવાની રહેશે

(૬) નિયત સમયમાં આવેલ તમામ અરજીઓની ચકાસણી કરી અધુરી/અપૂરતા ડોક્યુમેન્ટ ધરાવતા લાભાર્થીઓનો ટેલીફોનીક સંપર્ક કરી સમયમર્યાદામાં જરૂરી પુર્તતા કરવા જણાવવામાં આવશે. જણાવેલ સમયમર્યાદામાં લાભાર્થી દ્વારા પૂર્તતા ન થયેલ અધુરી/અપૂરતા ડોક્યુમેન્ટ વાળી તમામ અરજીઓ રદ કરવામાં આવશે.

(૭) પ્રોજેક્ટ અંતર્ગત ઈ-ઓટોની ખરીદી પર સબસીડી/સહાય માટે પસંદ થયેલ મહિલાઓ પૈકી માન્ય લાયસન્સ ન ધરાવતી તમામ મહિલા અરજદારોને લર્નિંગ લાયસન્સ તથા ડ્રાઈવિંગની પ્રેક્ટીકલ તાલીમ મેળવવામાં પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકા ધ્વારા જરૂરી સપોર્ટ પૂરો પાડવામાં આવશે. જે માટે મહિલા લાભાર્થી ઓટો સંચાલન માટે લાયસન્સ મેળવવા સરકારશ્રી ધ્વારા નિર્ધારિત લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૮) તમામ અરજદારો ઓટો સંચાલન માટે સરકારશ્રી ધ્વારા પેસેન્જર ઓટો માટે માન્ય લાયસન્સ ધરાવતા હોવા જરૂરી છે.

(૯) લાભાર્થી કોઈ બેંક કે અન્ય નાણાકીય સંસ્થાનો બાકી લેણદાર (ડીફોલ્ડર/NPA) ન હોવો જોઈએ.

(૧૦) લાભાર્થીનું બેંકમાં સિંગલ ખાતું ખોલાવવાનું રહેશે, તેમજ ખાતામાં નોમિનીની નિમણુંક ફરજીયાત કરવાની રહેશે.

(૧૧) અનિવાર્ય સંજોગોમાં ઈ-ઓટો પ્રોજેક્ટના અમલીકરણ બાબતે કોઈ ફેરફાર થાય /સ્થગિત રાખવામાં આવે તો તે અંગે અરજદારનો કોઈપણ વાંધો ગ્રાહ્ય રાખવાના આવશે નહિ.

(૧૨) લાભાર્થી અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતા હોવા જોઈએ.

(૧૩) ઈ-ઓટો ચાલકે અન્ય વ્યક્તિ/ગ્રાહક સાથે થતા ઘર્ષણને કારણે ઉભી થતી કાયદાકીય કાર્યવાહીની જવાબદારી લાભાર્થીની રહેશે.

(૧૪) કુદરતી/ આકસ્મિક ઘટનામાં થયેલ નુકશાનની સમગ્ર જવાબદારી અરજદારની રહેશે.

(૧૫) પ્રોજેક્ટ અંતર્ગત ઈ-ઓટો માટે સહાય મેળવનાર લાભાર્થીએ મહાનગરપાલિકા ધ્વારા સૂચવવામાં આવેલ લોગો ઈ-ઓટો ઉપર ફરજીયાતપણે પ્રદર્શિત કરવાનો રહેશે.

(૧૬) લાભાર્થીની ઓછામાં ઓછી ઉમર 18 વર્ષ પુરા થયેલ હોવા જોઈએ અને 55 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૧૭) લાભાર્થીઓ સરકારશ્રીની યોજના અંતર્ગત કે સીધા માન્ય ધિરાણ સંસ્થાઓ મારફતે ઈ-ઓટોની ખરીદી માટે લોન મેળવી શકશે, પરંતુ તેઓએ પસંદગી થયા અંગે અત્રેથી જણાવ્યા તારીખથી ૬૦ દિવસમાં ઈ-ઓટો ખરીદીની પ્રોસેસ પૂરી કરી ખરીદી અંગેના જરૂરી પેપર્સ અત્રે રજુ કરવાના રહેશે. નિર્ધારિત સમય મર્યાદામાં ઓટો ખરીદ ન કરી શકનાર લાભાર્થીઓને પ્રોજેક્ટ હેઠળ સહાય/સબસીડી મળવાપાત્ર રહેશે નહિ.ભારત સરકારશ્રીની જિલ્લા ઉધ્યોગ કેંન્દ્ર દ્વારા સંચાલીત યોજના હેઠળ મળવાપાત્ર લોન અને સબસીડી માટે અત્રેથી જરૂરી મદદ/સહકાર આપવામા આવશે

(૧૮) મહાનગરપાલિકા ધ્વારા ભલામણ કરેલ/ લાભાર્થી દ્વારા ધિરાણ માટે સીધી બેંકને કરેલ અરજી બેંક દ્વારા મંજુર ન થવાના સંજોગોમાં લાભાર્થી ઈ-ઓટો ન ખરીદી શકે તે સંજોગોમાં લાભાર્થીની અરજી રદ કરવામાં આવશે.

(૧૯) એક કુટુંબમાંથી માત્ર એક જ લાભાર્થી અરજી કરી શકશે. ઈ-ઓટો પ્રોજેક્ટ અંર્તગત અગાઉ ઈ રીક્ષા મેળવેલ હશે તેઓએ બીજીવાર અરજી કરી શકશે નહિ.

(૨૦) પ્રોજેક્ટ હેઠળ ખરીદી કરેલ ઈ-ઓટોનું લાભાર્થીએ ઓછામાં ઓછા ૦૩ વર્ષ (છત્રીસ માસ) સુધી સ્વ-સંચાલન કરવાનું રહેશે. ૦૩ વર્ષ (છત્રીસ માસ) સુધી ઈ-ઓટોનું વેચાણ કરી શકશે નહિ, તેમજ ભાડે આપી શકશે નહિ.

(૨૧) સદર યોજના અંતર્ગત પસંદ થયેલ લાભાર્થીને જ ઈ-ઓટોની ખરીદી પર નિયત સબસીડી/સહાય મળવા પાત્ર રહેશે. ઈ-ઓટોની ખરીદી લાભાર્થીએ જાતે જ કરવાની રહેશે.

(૨૨) સદરહુ યોજના અંતર્ગત સરકારશ્રી ધ્વારા માન્ય કંપનીમાંથી માન્ય મોડલ પૈકીમાંથી જ ઈ-ઓટોની ખરીદી કરવાની રહેશે. તેમજ ગુજરાત સરકારશ્રીના સાહસ GEDA મારફતે મળવાપાત્ર સબસીડી માટેની જવાબદારી અરજદારની રહેશે.આ અંગે અત્રેથી જરૂરી મદદ/સહકાર આપવામા આવશે

(૨૩) સદરહુ પ્રોજેક્ટ અંતર્ગત કોઈ તકરાર બાબત અંગેનું અધિકારક્ષેત્ર (JURISDICTION) અમદાવાદ શહેર રહેશે.

સદરહુ યોજના પસંદ થયેલ લાભાર્થીને માત્ર સહાય/સબસીડી આપવા માટે જ છે. ઈ-ઓટોની ખરીદી, સંચાલન કે અન્ય કોઈ પણ બાબતની જવાબદારી લાભાર્થીની પોતાની રહેશે.

અરજદારે તમામ ભરેલી વિગતો અને જરૂરી પુરાવાની પ્રમાણિત નકલ સહીતનું અરજીપત્રક ડાયરેક્ટરશ્રી, યુ.સી.ડી.વિભાગ, પરીક્ષીતલાલાનગર રોડ,બહેરામપુરા, અમદાવાદ, 380022 ખાતે નિયત સમય મર્યાદામાં રજાના દિવસો સિવાય સવારે ૧૧-૦૦ થી સાંજે ૦૫-૦૦ કલાક દરમ્યાન રજુ કરવાનું રહેશે.

ઉપરોકત તમામ વિગતો/શરતો મે પુરેપુરી વાંચી/ સમજેલ છે અને ફોર્મમાં જણાવેલ સૂચનાઓ તથા શરતો મને સંપૂર્ણપણે કબુલ છે. જો કોઈ શરતનો ભંગ મારા તરફથી કરવામાં આવશે તો મારું ફોર્મ રદ થવા પાત્ર રહેશે તેમજ પ્રોજેક્ટ અંતર્ગત મને મળેલ સહાય પરત કરવા હું બાહેધરી આપુ છું. મહાનગરપાલિકા ધ્વારા ઈ-ઓટો સંચાલન સંબંધી જે સુચના આપવામાં આવે તો તેનું મારા ધ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવશે. ઈ-વિહિકલના પ્રચાર પ્રસાર સંદર્ભેના યોજાતા કાર્યક્રમમાં મને પ્રોજેક્ટ અંતર્ગતના લાભાર્થી તરીકે બોલાવવામાં આવે તો સ્વ-ખર્ચે જણાવવામાં આવેલ સમય અને સ્થળે હાજર રહી ઈ-વ્હીકલના પ્રચાર- પ્રસારમાં સહભાગી થઈશ.

તા.   /    /2024                                        .......................................

અરજદારની  સહી